# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-12-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

1) મતદાન સુધારણા ઝુંબેશ હેઠળ આજે ગુજરાત વિધાનસભાની ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પડાશે.

2) લોકસભામાં વિકસિત ભારત જી રામ જી ખરડો પસાર

3) પ્રધાનમંત્રી આજે WHO ગ્લોબલ સમિટના સમાપન સમારોહમાં ભાગ લેશે - આયુષ પહેલ પોર્ટલ ખુલ્લુ મૂકશે.

4) તહેવારોને પગલે ભારતીય રેલવે નવ ઝોનમાં ૧૩૮ વિશેષ ટ્રેનો ચલાવશે

5) ઝારખંડે હરિયાણાને હરાવી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ખિતાબ જીત્યો

6) ભારત દક્ષિણ આફ્રિકા વચ્ચે આજે અંતિમ ટી-20 અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SIR

SIR ઝુંબેશ હેઠળ ગુજરાતના તમામ વિધાનસભા મતવિસ્તારો માટે ડ્રાફ્ટ મતદાર યાદી આજે પ્રકાશિત કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારીઓ સુધારણા પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓને ડ્રાફ્ટ યાદીની નકલો સોંપશે.

આજે યાદીના પ્રકાશન સાથે, દાવાઓ અને વાંધા દાખલ કરાશે જે 18 જાન્યુઆરી, 2026 સુધી સક્રિય રહેશે. નાગરિકો હવે ડ્રાફ્ટમાં તેમના નામ ચકાસી શકે છે અને નવી નોંધણી, નામ કાઢી નાખવા અથવા સુધારા માટે અરજીઓ સબમિટ કરી શકે છે. સચોટ અંતિમ મતદાર યાદી સુનિશ્ચિત કરવા માટે ચૂંટણી તંત્રએ બૂથ-સ્તરના એજન્ટો સાથે ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત મતદારોની યાદીઓ પણ જાહેર કરી છે.

# JI RAM JI BILL, 2025

લોકસભામાં "વિકસિત ભારત - રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) માટે ગેરંટી:વિકસિત ભારત - જી રામ જી બિલ, 2025" પસાર કર્યું છે, જેને રાજ્યસભાએ મંજૂરી આપી છે.

બાઇટ – શિવરાજ સિંહ ચોહાણ

આ બિલ "વિકસિત ભારત @2047" સાથે ગ્રામીણ વિકાસ માટે નવું માળખું ઊભું કરાશે. કાયદા હેઠળ, દરેક ગ્રામીણ પરિવારને દર નાણાકીય વર્ષમાં 125

દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી આપવામાં આવશે, સ્વેચ્છાએ બિન કુશળતા ધરાવતા પુખ્ત સભ્યો કામ કરવા માટે તૈયાર હોય તેમણે રોજગારી મળશે.

## PARLIAMENT

સંસદે સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા (શાંતિ) બિલ, 2025 મંજૂર કર્યું છે. આ કાયદાનો ઉદ્દેશ્ય દેશવાસીઓના કલ્યાણ માટે પરમાણુ ઉર્જા ઉત્પાદન માટે પરમાણુ ઉર્જા અને આયનાઇઝિંગ રેડિયેશનનો વિકાસ કરવાનો છે.

## બાઇટ - જિતેન્દ્ર સિંહ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ (શાંતિ) બિલ પસાર થવાનું સ્વાગત કર્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ તેને ભારતના ટેકનોલોજી લેન્ડસ્કેપ માટે પરિવર્તનશીલ ક્ષણ ગણાવી.

## PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પરંપરાગત દવા પર બીજા WHO ગ્લોબલ સમિટના સમાપન સમારોહમાં ભાગ લેશે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રી સભાને સંબોધિત કરશે અને આયુષ ક્ષેત્ર માટે એક માસ્ટર ડિજિટલ પોર્ટલ, માય આયુષ ઇન્ટિગ્રેટેડ સર્વિસીસ પોર્ટલ સહિત અનેક

સીમાચિહ્નરૂપ આયુષ પહેલનો શુભારંભ કરશે. તેઓ આયુષ માર્કનું પણ અનાવરણ કરશે, જે આયુષ ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તા માટે વૈશ્વિક માપદંડ તરીકે કલ્પના કરવામાં આવ્યું છે.

## PRESIDENT DRAUPADI MURMU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સવારે હૈદરાબાદમાં રાજ્ય જાહેર સેવા આયોગ (PSC) ના અધ્યક્ષોના બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કરશે.

દેશભરના રાજ્યોના PSC અધ્યક્ષો અને વરિષ્ઠ અધિકારીઓ બે દિવસીય સંમેલનમાં હાજરી આપશે. તેલંગાણાના રાજ્યપાલ જિષ્ણુ દેવ વર્મા અને મુખ્યમંત્રી રેવંત રેડ્ડી અને UPSC ના અધ્યક્ષ અજય કુમાર પણ આ પ્રસંગે હાજર રહેશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

# INDIA RAILWAY

ભારતીય રેલ્વે ક્રિસમસ અને નવા વર્ષ દરમિયાન મુસાફરોના ધસારાને નિયંત્રિત કરવા માટે નવ ઝોનમાં ૧૩૮ ખાસ ટ્રેનો ચલાવશે.

કુલ ૬૫૦ ટ્રેનના આવાગમનની રજૂઆતને મંજૂર કરવામાં આવી છે. રેલ્વે મંત્રાલયે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૨૪૪ ટ્રિપને સૂચિત કરવામાં આવી છે. પશ્ચિમ રેલ્વે ૨૬ ટ્રેનો સાથે સૌથી વધુ હિસ્સો ધરાવે છે, મધ્ય રેલ્વે ૧૮ ટ્રેનો ચલાવી રહ્યું છે, જ્યારે દક્ષિણ મધ્ય રેલ્વે ૨૬ ટ્રેનોનું આયોજન કર્યું છે અને દક્ષિણ પૂર્વ મધ્ય રેલ્વે આ સમય દરમિયાન તહેવારોની ભીડને પહોંચી વળવા માટે ૧૨ ટ્રેનો ચલાવી રહ્યું છે.

# SINGAPUR

સિંગાપોરમાં સારવાર દરમિયાન વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીના મૃત્યુ બાદ બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી છે.

ગયા અઠવાડિયે ઢાકામાં માસ્ક પહેરેલા હુમલાખોરોએ હાદીને ગોળી મારી હતી અને ગઈકાલે સિંગાપોરમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. તેમના મૃત્યુના સમાચાર આવતાની સાથે જ તેમના સેંકડો સમર્થકો રાજધાનીના એક ચોકમાં વિરોધ કરવા માટે ભેગા થયા હતા.

સાંભળીએ એક અહેવાલ

**V/C- પ્રિયંકા અહેવાલ**

# CRICKET

પુરુષોની ક્રિકેટમાં, ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પાંચમી અને અંતિમ ટી20 આંતરરાષ્ટ્રીય મેચ આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

દરમિયાન, ઝારખંડે પુણેમાં હરિયાણાને 69 રનથી હરાવીને પોતાનો પહેલો સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ખિતાબ જીત્યો છે. ઝારખંડે ૨૦ ઓવરમાં ૩ વિકેટે ૨૬૨ રન બનાવ્યા. જવાબમાં હરિયાણાની ટીમ ૧૯૩ રન જ બનાવી શકતા ઝારખંડનો વિજય થયો.

આ સાથે આજે દુબઈમાં અંડર-૧૯ એશિયા કપ ૨૦૨૫ની સેમિફાઇનલમાં ભારત શ્રીલંકા સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે ૧0:30 વાગ્યે શરૂ થશે.

# WEATHER

હવામાન વિભાગએ આજે ઉત્તર પ્રદેશ અને બિહારમાં ગાઢથી ખૂબ જ ગાઢ ધુમ્મસની સ્થિતિ માટે રેડ એલર્ટ જારી કર્યું છે.

હવામાન વિભાગએ જણાવ્યું કે ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં આજે ખૂબ જ ઠંડી રહેશે.

હવામાન એજન્સીએ આજે બિહાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તરાખંડમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. ઉત્તર-પૂર્વીય રાજ્યો, ઝારખંડ અને ત્રિપુરામાં પણ આવતીકાલ સુધી ગાઢ ધુમ્મસની સ્થિતિ રહેવાની શક્યતા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે નિકિતા શાહ

- આજના અખબારોમાં ભારત ઓમાન વચ્ચે મુક્ત વેપાર કરાર અને લોકસભામાં જી રામ જી વિધેયક પસાર સહિતના સમાચાર મુખ્ય શીર્ષકમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે – ભારતની નિકાસ 100 ટકા ટેક્સ ફ્રી ,ભારત અને ઓમાન વચ્ચે મુક્ત વેપાર કરાર
- સંદેશ લખે છે – ભારત અને ઓમાન વચ્ચે વ્યાપક આર્થિક ભાગીદારી
- ફૂલછાબનું મુખ્ય શીર્ષક છે – જી રામ જી વિધેયક લોકસભામાં પસાર
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકાએ વિપક્ષી સાંસદોને કાગજ ફાડે, હંગામે મે VB જી રામ જી વિધેયક પારિત આ સમાચારને હેડલાઇન બનાવી છે